Name: Hetal Parmar

Course/Programme: Mphil Year:

Title of Research: A STUDY OF ADJUSTMENT AND EMOTIONAL MATURITY OF PRIMARY SCHOOL FEMALE TEACHERS

**પ્રાથમિક શાળાની શિક્ષિકાઓના અનુકૂલન અને સાંવેગિક પરિપક્વતાનો અભ્યાસ.**

**સંશોધન સારાંશ:** શાળાના શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય શાળાના વિકાસ અને બાળકોના વિકાસ પર ખૂબ મોટી અસર કરે છે. શિક્ષકોની અનુકુલન અને સંવેગીકતા તેના માનસિક સ્વાસ્થ્ય અને શાળાના વાતાવરણને ખૂબ પ્રભાવિત કરે છે. તેથી સંશોધકે ખેડા જીલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત પ્રાથમિક શાળાની તમામ શિક્ષિકાઓનું અનુકૂલન અને સાંવેગિક પરિપક્વતા વિસ્તાર, શિક્ષિકાઓનો તેમનાં વૈવાહિક દરજ્જા, શૈક્ષણિક અનુભવના સંદર્ભમાં જાણવાનો પ્રયાસ કર્યો હતો.

સંશોધનનો હેતુ પ્રાથમિક શાળાની શિક્ષિકાઓના અનુકૂલન અને સાંવેગિક પરિપક્વતાનો શાળાના વિસ્તાર, શિક્ષિકાઓનો તેમનાં વૈવાહિક દરજ્જા, શૈક્ષણિક અનુભવના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. સંશોધનમાં ચલ- (A) સ્વતંત્ર ચલ તરીકે શાળાનો વિસ્તાર (ગ્રામ્ય-શહેરી) વૈવાહિક દરજ્જો (પરણિત-અપરણિત) શૈક્ષણિક અનુભવ (પાંચ વર્ષથી ઓછો- પાંચ વર્ષથી વધુ), (B) પરતંત્ર ચલ તરીકે શિક્ષિકાઓનું અનુકૂલન અને સાંવેગિક પરિપક્વતા, અને (C) અંકુશિતચલ-પ્રાથમિક શાળાની શિક્ષિકાઓ નક્કી કરવામાં આવ્યા હતા. ૨૫ જેટલી શૂન્ય ઉત્કલ્પનાઓ દ્વારા હેતુઓની ચકાસણી કરવામાં આવી હતી.

શિક્ષક -શિક્ષણનું અને મનોવિજ્ઞાન શિક્ષણ સંશોધનનું ક્ષેત્ર હતું.

ગુજરાત રાજ્યનાં 33 જિલ્લાઓમાંથી ખેડા જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત પ્રાથમિક શાળાની તમામ શિક્ષિકાઓનો સમાવેશ સંશોધનના વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધન નિદર્શમાં ખેડા જિલ્લાની સરકારી,અનુદાનિત અને બિનઅનુદાનિત 46 પ્રાથમિક શાળાની પસંદગી સ્તરીકૃત યાદચ્છિક નિદર્શ પસંદગીથી કરવામાં આવી હતી. જયારે, ૩૦૦ શિક્ષિકાઓની પસંદગી યાદચ્છિક નિદર્શ પસંદગીથી કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન હેઠળ 'સર્વેક્ષણ પદ્ધતિ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ- અનુકૂલન સંશોધનિકા, સાંવેગિક પરિપક્વતા માપદંડની રચના કરવામાં આવી હતી.

તારણો

1) ગ્રામ્ય વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાની શિક્ષિકાઓનું અનુકૂલન શહેરી વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાની શિક્ષિકાઓના અનુકૂલન કરતા વધુ જોવા મળે છે.

2) પ્રાથમિક શાળાની પરણિત શિક્ષિકાઓનું અનુકૂલન અપરણિત શિક્ષિકાઓના અનુકૂલન કરતાં વધુ જોવા મળે છે.

3) ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાની શિક્ષિકાઓની સાંવેગિક પરિપક્વતા શેહરી વિસ્તારની પ્રાથમિક શાળાની શિક્ષિકાઓની સાંવેગિક પરિપક્વતા કરતા વધુ જોવા મળે છે.

4) પ્રાથમિક શાળાની પરણિત શિક્ષિકાઓની સાંવેગિક પરિપક્વતા અપરણિત શિક્ષિકાઓની સાંવેગિક પરિપકવતા કરતાં વધુ જોવા મળે છે.